## આર્મી ડોગે બલિદાન આપીને હેન્ડલરને બચાવ્યો; રાજૌરી અને અનંતનાગમાં એન્કાઉન્ટર ચાલુ

સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે ૧૧ સપ્ટેમ્બરની સાંજે પતરાડાના જંગલ વિસ્તારમાં સર્ચ અને કોર્ડન-ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. બે વ્યક્તિની શંકાસ્પદ પ્રવૃત્તિને જોતાં ફેરડાંગ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જોકે બંને આરોપી નાસી જવામાં સફળ રહ્યા હતા.

૬ ઓગસ્ટે ભારતીય સેના અને જમ્મુ-કાશ્મીર પોલીસે સંયુક્ત ઓપરેશનમાં એલઓસી પાસે બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. આ આતંકવાદીઓ એલઓસી પાસે ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. એ જ દિવસે સાંજે ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા અન્ય એક આતંકીને ઠાર મારવામાં આવ્યો હતો.

૪ ઓગસ્ટે આતંકવાદીઓએ કુલગામના હાલાન જંગલમાં સેનાના તંબુ પર ફાયરિંગ કર્યું હતું. આ પછી બંને તરફથી ગોળીબાર શરૂ થયો, જે મોડી રાત સુધી ચાલુ રહ્યો. આ ઘટનામાં ત્રણ જવાન ઘાયલ થયા હતા. ત્રણેયને શ્રીનગરની મિલિટરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન મોડી રાત્રે ત્રણેય શહીદ થયા હતા.

# કેનેડા આ વર્ષે ૪.૬૫ લાખ લોકોને પીઆર આપશે

**નવી દિલ્હી,**
કેનેડાએ પોતાની ઈકોનોમીને ટેકો આપવા અને વર્કર્સની અછત દૂર કરવા માટે ઈમિગ્રન્ટ્સને આવકારવાનો નિર્ણય લીધો છે, પરંતુ કેનેડાની હાઉસિંગ કટોકટીના કારણે સમસ્યા પેદા થઈ રહી છે. ચાલુ વર્ષમાં કેનેડા ૪.૬૫ લાખ લોકોને પર્મેનન્ટ રેસિડન્સી (પીઆર) આપશે. ૨૦૨૪માં લગભગ ૪.૮૫ લાખ લોકોને અને ૨૦૨૫માં પાંચ લાખ લોકોને પીઆર આપવામાં આવશે. કેનેડામાં જે પ્રકારની હાઉસિંગ કટોકટી છે તેના કારણે આ સંખ્યા પર કાપ મુકાય તો પણ નવાઈ નહીં. કેનેડાના હાઉસિંગ મંત્રી સિન ફ્રેઝરે તાજેતરમાં કહ્યું કે, ×દેશમાં મકાનોની એટલી અછત છે કે બધા લોકોને રહેવાની સગવડ આપી શકાય તેમ નથી. તેના કારણે ઈમિગ્રેશન પોલિસીમાં એક બેલેન્સ સ્થાપવું પડશે. એટલે કે જે લોકોને પીઆર આપવાની યોજના હતી તેમાં કાપ મુકાઈ શકે છે. કેનેડામાં અત્યાર સુધી ઉદાર થઈને ઈમિગ્રન્ટ્સને આવવા દીધા છે, પરંતુ તેની સામે સગવડો ઊભી થઈ શકી નથી. તેના કારણે હાઉસિંગ, હેલ્થકેર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે પર બહુ બોજ આવી ગયો છે. હવે આ પ્રશ્નોના ઉકેલ માટે પ્રેક્ટિકલ એપ્રોચ અપનાવવો પડશે. કોવિડ પછી કેનેડામાં લેબરની અછત પેદા થઈ અને તેના કારણે ૨૦૨૨માં ઈમિગ્રેશનના ટાર્ગેટ વધારવામાં આવ્યા હતા. તેનાથી દેશનો ઈકોનોમિક ડેવલપમેન્ટ કરવામાં તો મદદ મળી પણ તેની સામે પૂરતા પ્રમાણમાં મકાનો તૈયાર કરી શકાયા નથી. કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે પર્મેનન્ટ રેસિડેન્ટ્સ માટેના ટાર્ગેટમાં હંમેશા વધારો કર્યો છે. ગયા વર્ષે કેનેડામાં જે લોકો આવ્યા તેમાં વિદેશી સ્ટુડન્ટ્સ, ટેમ્પરરી વર્કર્સ અને રેફ્યુજી મોટી સંખ્યામાં હતા. ગયા મહિને એવી એક સરવે કરવામાં આવ્યો હતો તેમાં ઓટાવા સ્થિત રિસર્ચરે જણાવ્યું કે ૬૧ ટકા લોકો માને છે કે કેનેડાનો ઈમિગ્રેશન ટાર્ગેટ બહુ ઊંચો છે. તેમાંથી ૬૩ ટકાએ કહ્યું કે મોટી સંખ્યામાં ઈમિગ્રન્ટ્સ કેનેડા આવી રહ્યા હોવાથી હાઉસિંગ પર તેની નેગેટિવ અસર પડે છે. હાલમાં આ દેશમાં હાઉસિંગની જે અછત છે તેના કારણે સૌથી વધારે અસર સ્ટુડન્ટને થઈ છે.

## લિબિયામાં વાવાઝોડા-પૂરથી ૫૨૦૦થી વધુ લોકોનાં મોત

**ડેરના,**
લિબિયામાં ભયાનક વાવાઝોડાં બાદ વિનાશકારી પૂરને કારણે અનેક શહેરોમાં વિનાશ વેરાયો છે. પૂરની સૌથી ખરાબ અસર ડેરના શહેરમાં જોવા મળી હતી જ્યાં અત્યાર સુધીમાં ૭૦૦ લોકોને દફન જ થઈ ગયા છે. મૃત્યુઆંક પણ ઘણો વધારે હોઈ શકે છે કારણ કે ૧૦,૦૦૦થી વધુ લોકોના ગુમ હોવાના અહેવાલ મળી રહ્યાં છે. અહીં વરસાદ અને પૂરના કારણે ડેમ તૂટી પડ્યા અને આજુબાજુના તમામ વિસ્તારો તેની લપેટમાં આવી ગયા હતા. સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં ૫,૨૦૦થી વધુ લોકોના મૃત્યુની આશંકા છે. પૂરની ભયાવહ સ્થિતિને કારણે બચાવ કામગીરી કરી રહેલી ટીમને મૃતદેહોને શોધવામાં મોટા પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. લિબિયાની પૂર્વ સરકારના સ્વાસ્થ્યમંત્રી ઉસ્માન અબ્દુલ જલીલે જણાવ્યું હતું કે પરિસ્થિતિ ભયાવહ છે. ડેરના સ્થળની મુલાકાત દરમિયાન ઉસ્માન અબ્દુલ જલીલે કહ્યું કે શહેરની વિવિધ હોસ્પિટલોમાં મૃતદેહોના ખડકલાં સર્જાયા છે. ડેરનામાં ઘણા મૃતદેહો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા કે પછી દરિયામાં વહી ગયા હોવાની આશંકા સેવાઈ રહી છે. અધિકારીઓના મતે ફક્ત ડેરના શહેરમાં જ ૨,૩૦૦થી વધુ લોકો માર્યા ગયા હોવાનો અંદાજ છે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ એન્ડ રેડ ક્રેસન્ટ સોસાયટીઝના લીબિયાના દૂત તામેર રમઝાને જણાવ્યું હતું કે વિનાશકારી પૂર બાદ આશરે ૧૦,૦૦૦ લોકોનો કોઈ અતોપતો નથી.

# પ્રોપર્ટીના દસ્તાવેજો પરત કરવામાં વિલંબ કરશે તો ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે

## આરબીઆઈએ ગ્રાહકોના હિતમાં આપ્યો આદેશ

**નવી દિલ્હી,**
પ્રોપર્ટી પર લોનના મામલે ભારતીય રિઝર્વ બેંકે ગ્રાહકોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. હવે જો બેંકો અથવા એનબીએફસી લોનની ચુકવણી કર્યા પછી પ્રોપર્ટીના દસ્તાવેજો પરત કરવામાં વિલંબ કરશે તો તેમણે ગ્રાહકોને વળતર ચૂકવવું પડશે. રિઝર્વ બેંકે બુધવારે સવારે આ અંગે નવો આદેશ જાહેર કર્યો છે. રિઝર્વ બેંકે આ આદેશ નાની ફાઈનાન્સ બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, એનબીએફસી, હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ અને એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ સહિત તમામ કોમર્શિયલ બેંકોને મોકલ્યો છે. વાસ્તવમાં રિઝર્વ બેંકને એવી ફરિયાદો મળી રહી હતી કે ગ્રાહકોએ લોનની સંપૂર્ણ ચુકવણી અથવા સેટલ કર્યા પછી પણ બેંકો અને એનબીએફસી વગેરે મિલકતના દસ્તાવેજો સબમિટ કરવામાં વિલંબ કરી રહી છે. રિઝર્વ બેંકે કહ્યું કે આ વિલંબને કારણે વિવાદ અને મુકદમા જેવી સ્થિતિઓ ઊભી થઈ રહી છે. સેન્ટ્રલ બેંકે તમામ સંબંધિત નાણાકીય સંસ્થાઓને તાજેતરના આદેશમાં રિસ્પોન્સિબલ લેન્ડિંગ કંડક્ટ એટલે કે જવાબદાર ધિરાણ આચરણની યાદ અપાવી હતી. આરબીઆઈનો ફેર પ્રેક્ટિસ કોડ આ સંદર્ભમાં સ્પષ્ટ સૂચનાઓ આપે છે કે જો ગ્રાહક પ્રોપર્ટી લોનના તમામ હપ્તાઓ ચૂકવે છે અથવા લોન સેટલ કરી લે છે તો આવી સ્થિતિમાં તેને તરત જ મિલકતના દસ્તાવેજો મળી જવા જોઈએ. સેન્ટ્રલ બેંકના તાજેતરના આદેશમાં જણાવાયું છે કે તમામ નિયમનકારી સંસ્થાઓ (વાણિજ્યિક બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેંકો, એનબીએફસી અને એસેટ રિકંસ્ટ્રક્શન કંપની વગેરે) એ લોનના તમામ હપ્તાઓ મળવા અથવા સેટલ થવાના ૩૦ દિવસની અંદર ગ્રાહકોને તમામ ઓરિજનલ દસ્તાવેજો પાછા આપવા પડશે. ગ્રાહકોને એ ઓપ્શન આપવામાં આવે કે તે પોતાની સુવિધા અનુસાર અથવા તો સંબંધિત બ્રાન્ચમાંથી આ દસ્તાવેજો લઈ શકે છે. અથવા તો તે બ્રાન્ચ અથવા જ્યાં દસ્તાવેજો રાખવામાં આવ્યા છે તે ઓફિસમાંથી પણ દસ્તાવેજો પરત લઈ શકે છે. તમામ બેંકોને સલાહ આપવામાં આવી છે કે તે લોનના સેક્શન લેટરમાં તમામ દસ્તાવેજો પરત કરવાની તારીખ અથવા સ્થળનો ઉલ્લેખ કરે.

## બાઈડન સામે મહાભિયોગની તપાસ શરૂ કરવા સ્પીકરની મંજૂરી

**વોશિંગ્ટન,**
અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન જી૨૦ સમિટમાંથી પરત ફરતાની સાથે જ મુશ્કેલીમાં મુકાયા છે. હાઉસ સ્પીકર મેકકાર્થીએ તેમની સામે મહાભિયોગની તપાસ શરૂ કરવાની મંજૂરી આપી છે. સ્પીકરે કહ્યું કે તેઓ ગૃહની એક સમિતિને બાયડેન પરિવાર સામે તેમના વ્યાપારિક ડીલ અંગે તેમની સામે મહાભિયોગની તપાસ શરૂ કરવા નિર્દેશ આપી રહ્યા છે. રિપબ્લિકન હાઉસના સ્પીકર કેવિન મેકકાર્થીએ આ પગલું ભર્યું હતું. ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા સ્પીકરનું આ ઐતિહાસિક પગલું ડેમોક્રેટિક પાર્ટીને ભારે પડી શકે છે. જો બાયડેન પર આરોપ છે કે તેઓ ૨૦૦૯ થી ૨૦૧૭ દરમિયાન અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ હતા ત્યારે તેમના પુત્ર હન્ટર બાયડેનને વિદેશી વેપારમાં ફાયદો કરાવ્યો હતો. રિપબ્લિકન્સે આ વર્ષે ઘણા મહિનાઓ સુધી આ અંગે તપાસ હાથ ધરી હતી, પરંતુ બાડેન વિરુદ્ધ કોઈ પુરાવા મળ્યા ન હતા. મેકકાર્થીએ કહ્યું કે જ્યાં પુરાવા અમને લઈ જશે અમે ત્યાં જઈશું.

# ત્રણ વર્ષમાં ૭૫ લાખથી વધુ એલપીજી કનેક્શન ફ્રી અપાશે

## કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઉજ્જવલા યોજના અંતર્ગત જાહેરાત

**નવી દિલ્હી,**
કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે ભારતમાં જી૨૦ શિખર સંમેલનની સફળતા પર આજે કહ્યું કે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને જી૨૦ સમિટના સફળ સમાપન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા છે, ઉપરાંત કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં એક પ્રસ્તાવ પણ રજુ કર્યો છે. તેમણે કહ્યું કે, ભારત આજે વૈશ્વિક એજન્ડા-સેટિંગમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે, જેનો શ્રેય દેશના નેતૃત્વને જાય છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના જણાવ્યા મુજબ, પીએમ મોદીના નેતૃત્વમાં યોજાયેલ કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં ૨ મુખ્ય નિર્ણય લેવાયા છે, જેમાં ઉજ્જવલા યોજનાનો વિસ્તાર વધારવા આગામી ૩ વર્ષમાં ૨૦૨૬ સુધી ૭૫ લાખથી વધુ એલપીજી કનેક્શન ફ્રી અપવામાં આવશે. આ યોજના હેઠળ આગામી ત્રણ વર્ષ સુધી ગેસ કનેક્શન અપાશે, જેમાં પ્રથમ રિફિલ ફ્રી અપાશે, જેનો ખર્ચ ઑઈલ કંપનીઓ ઉઠાવે છે. અનુરાગ ઠાકુરે વધુમાં કહ્યું કે, કેબિનેટ દ્વારા બીજો મહત્વનો નિર્ણય કરાયો છે, જેમાં ઓનલાઈન અને પેપરલેસ કોર્ટનીં સ્થાપના કરવાના ઉદ્દેશ્ય હેઠળ આજે રૂ.૭૨૧૦ કરોડના ઈ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટના ત્રીજા તબક્કાને મંજુરી અપાઈ છે. ઓનલાઈન અને પેપરલેસ કામકાજથી ન્યાયતંત્ર વધુ પારદર્શન બનશે. પેપરલેસ કોર્ટો માટે ઈ-ફાઈલિંગ અને ઈ-ચૂકવણી સિસ્ટમને સાર્વત્રિક બનાવાશે. ઉપરાંત ડેટા સ્ટોર માટે ક્લાઉડ સ્ટોરેજનો ઉપયોગ કરાશે. તમામ કોર્ટ પરિસરમાં ૪૪૦૦ ઈ-સેવા કેન્દ્ર સ્થાપવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, રક્ષાબંધને રસોઈ ગેસની કિંમત ઘટાડવામાં આવી હતી, જેમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ પણ કહ્યું કે, આ યોજનાથી મહિલાઓના જીવનમાં મોટો બદલાવ આવ્યો છે.

## આઝમખાનના ૩૦ સ્થળો પર આઇટી-ઈડીના દરોડા

**લખનઉ,**
પૂર્વ મંત્રી અને સપાના વરિષ્ઠ નેતા આઝમ ખાનની મુશ્કેલી વધી છે આજે વહેલી સવારે તેના રહેણાંક સહિત અનેક સ્થળોએ આયકર વિભાગે અને ઈડીએ સવારે દરોડા પાડ્યા છે જેમાં રામપુર, મેરઠ, ગાઝિયાબાદ, સહારનપુર, સીતાપુર અને લખનઉના સ્થળોનો સમાવેશ થાય છે. આયકર વિભાગે અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આઝમ ખાનના ૩૦ સ્થળો પર દરોડા ચાલી રહ્યા છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મધ્યપ્રદેશમાં પણ આઝમ ખાનના સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. આઝમ ખાન વિરુદ્ધ ૨૦૧૯માં જોહર યૂનિવર્સિટી માટે જમીન પર કબ્જાના ૩૦ કેસો નોંધાયા હતા. તે સમયે પ્રશાસને તેને ભૂમાફિયા પણ જાહેર કર્યો હતો. ઈડીએ પણ આઝમ ખાન વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. આ આગાઉ છ મહિના પહેલા આયકર વિભાગે પૂર્વ મંત્રી આઝમ ખાન અને તેમની પત્ની તંજીન ફાતિમાં તેમજ તેના દિકરા અબ્દુલ્લાના આવકવેરાના સોગંદનામાની ફરીથી તપાસ કરવામાં આવી હતી.

## ગુરતેજ કોચરને મળોઃ એમેઝોન ઈન્ડિયા ખાતે ગ્રાહક અનુભવ માટે પ્રગતિશીલ ટેકનોલોજી



**નવી દિલ્હી,**
એમેઝોન ઈન્ડિયામાં હજારો એન્જિનિયરો નવો ગ્રાહક અનુભવ આપવા, મોજૂદ ગ્રાહકોની સમસ્યાઓને પહોંચી વળવા અને પ્રોડક્ટની શિસ્ત નિર્માણ કરવા માટે કતામ કરી રહ્યા છે. એમેઝોન ઈન્ડિયામાં વર્લ્ડવાઈડ પ્રાઈસિંગ ટીમના સોફ્ટવેર ડેવલપમેન્ટ મેનેજર ગુરતેજ કોચર નાવીન્યતા માટે અત્યંત ઉત્સાહી અને ઉત્કૃષ્ટતા પ્રત્યે મજબૂત કટિબદ્ધ તરીકે ઊભરી આવ્યા છે.

દિલ્હીનો કમ્પ્યુટર એન્જિનિયર ગુરતેજનો એમેઝોન ઈન્ડિયા ખાતે પાંચ વર્ષનો પ્રવાસ નાવીન્યતા પ્રત્યે તેની કટિબદ્ધતાનો દાખલો છે. મેડિકલ પ્રેક્ટિશનરોના પરિવારમાં જન્મેલા તેનાં માતા- પિતા પ્રતિષ્ઠિત ડોક્ટરો છે. આથી યુવા ઉંમરથી જ અચૂકતા અને સૂઝબૂઝપૂર્વકના વિશ્લેષણના બીજ તેની અંદર વાવવામાં આવ્યાં છે. તે ડોક્ટરોના પરિવારમાં ઊછર્યો હોવા છતાં તેને ગણિત સૌથી વહાલું હતું.

ગુરતેજ માને છે કે કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં તેની કારકિર્દી ફક્ત પસંદગી નહોતી, પરંતુ માટે હાકલ હતી. પોતાના શબ્દોમાં તે સમજાવે છે, ×મેં કમ્પ્યુટર એન્જિનિયરિંગને કારકિર્દી તરીકે પસંદ કર્યું કારણ કે તે મને ગ્રાહકોનો અનુભવ સુધારી શકે (સીએક્સ), મારું વૈજ્ઞાનિક જ્ઞાન વધારી શકે અથવા ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન બહેતર બનાવી શકે તેવા રોમાંચક અને અર્થપૂર્ણ પ્રોજેક્ટો પર મારી વૈજ્ઞાનિક અને ગણિતની કુશળતાઓ લાગુ કરવાનો મોકો આપે છે. × આ ક્ષેત્ર પ્રત્યે તેનો લગાવ ટેક્નિકલ પાસાંથી પાર જાય છે. તે બાબતોને ઝડપી, સુરક્ષિત, ઓછો ખર્ચ અથવા વધુ કાર્યક્ષમ બનાવવાની નવી રીત શોધવાના પડકાર પર ભાર આપે છે.

### રેલ મંત્રાલય દ્વારા અમદાવાદ મંડળના

## ગાંધીનગર, કલોલ તેમજ ખોડિયાર સેક્શનમાં ત્રણ રોડ ઓવર બ્રિજ બનાવવા માટેની મંજૂરી

**અમદાવાદ,**
રેલ મંત્રાલયએ બહુપ્રતિક્ષિત ત્રણ રેલવે ઓવર બ્રિજોને અમ્બ્રેલા પ્રોજેક્ટ અંતર્ગત બનાવવાની મંજૂરી આપી. આ પ્રોજેક્ટ લગભગ ૩૪૦ કરોડના ખર્ચે કલોલ-ગાંધીનગર સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર ૧૧, ખોડિયાર-ગાંધીનગર સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર ૧૩ અને કલોલ-ગાંધીનગર સેક્શનમાં લેવલ ક્રોસિંગ નંબર ૯ પર ત્રણ રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા આ ટ્રેન ઓવર બ્રિજ બનાવવાની મંજૂરી આપવાનો નિર્ણય એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પરિયોજનાથી માત્ર રેલવેને જ નહીં, પણ માર્ગ વાહનવ્યવહાર પણ વધારે સારો અને સુરક્ષિત બનશે. વળી તેનાથી સ્થાનિક લોકોને પણ આવવા-જવાની સારી સુવિધા મળી રહેશે. મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીરકુમાર શર્માએ આ પ્રોજેક્ટનું મહત્ત્વ જણાવતાં કહ્યું કે આ રોડ ઓવર બ્રિજ બનવાથી લોકોને સારી રીતે આવવા-જવાની સુવિધા મળશે તેમ જ સમય અને ઈંધણની પણ બચત થશે.

આ પ્રોજેકટની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે : ૧. કલોલ-ગાંધીનગર સેક્શન : આ સેક્શનમાં કોલવડા-ગાંધીનગર વચ્ચે લેવલ ક્રોસિંગ નંબર ૧૧ કિ.મી. ૧૮/૮-૯ પર લગભગ ૧૦૧ કરોડ રૂપિયાના ખર્ચે ચાર લેન રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે. જેથી ગાંધીનગર સિટી, કલોલ, વાવોલ, જીઆઇડીસી વિસ્તાર, પેથાપુર ગામ વગેરેને લાભ થશે.

૨. ખોડિયાર-ગાંધીનગર સેક્શન : ખોડિયાર-ગાંધીનગર વચ્ચે લેવલ ક્રોસિંગ સંખ્યા ૧૩ કિ.મી. ૫૨૨/૬-૭ પર લગભગ ૧૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ચાર લાઈન રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે. ગાંધીનગર સિટી, પેથાપુર ગામ તેમજ રાંધેજાની સમાન્ય જનતાને આનો લાભ મળશે.

૩. કલોલ-ગાંધીનગર સેક્શન : કોલવડા-ગાંધીનગર વચ્ચે લેવલ ક્રોસિંગ નંબર ૯ કિ.મી. ૧૬/૦-૧ પર લગભગ ૧૨૦ કરોડ રૂપિયા ખર્ચે ચાર લાઈન રોડ ઓવર બ્રિજ બનાવવામાં આવશે. વાવોલ, ઉવારસદ, અડાલજ, ગાંધીનગર સિટી, સેરથા તેમજ ઝુંડાલના લોકોને આનો લાભ મળશે. રેલ મંત્રાલયના આ પગલાંથી રેલ વાહનવ્યવહારની વધારે સારી સેવાઓ પ્રદાન કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે અને તે સાથે યાત્રીઓને પણ સુખમય સફરનો અનુભવ કરવા મળે તે માટે મદદ કરી રહ્યું છે. આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ છે અને અમદાવાદ મંડળના લોકો માટે એક મોટી વાહનવ્યવહારની સુવિધા પ્રત્યેનું મહત્ત્વપૂર્ણ પગલું છે.

# અયોધ્યામાં ખોદકામમાં પ્રાચીન મંદિરના કેટલાંક અવશેષો મળ્યા

**અયોધ્યા,**
અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન ખોદકામમાં પ્રાચીન મંદિરના કેટલાંક અવશેષો મળી આવ્યા છે. જેમાં અનેક મૂર્તિઓ અને સ્તંભો સામેલ છે. આ અંગે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે સોશ્યલ મીડિયા પર માહિતી આપી હતી. તેમણે એક ફોટો શેર કરી છે જેમાં મળી આવેલા અવશેષો દેખાઈ રહ્યા છે. આ પ્રથમ વખત છે જયારે મંદિરના નિર્માણ સમયે ખોદકામ દરમિયાન મળી આવેલી વસ્તુઓની ફોટો સામે આવી છે, જેમાં એક ડઝનથી વધુ પ્રતિમાઓ, સ્તંભો અને શિલાઓ વગેરે સામેલ છે. આ શિલાઓમાં પર દેવી-દેવતાઓના શિલ્પો કોતરેલા છે. ફોટોમાં મંદિરમાં લાગનાર સ્તંભો પણ જોઈ શકાય છે. કહેવામાં આવી રહ્યું છે કે ખોદકામ દરમિયાન મળેલા આ અવશેષોને રામલલાના ભવ્ય મંદિરમાં શ્રધ્ધાળુઓના દર્શન માટે રાખવામાં આવશે. અયોધ્યામાં જયારે મંદિરનું નિર્માણ શરુ થયું હતું ત્યારે ૪૦થી ૫૦ ફૂટ ખોદકામ કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરના ખોદકામ દરમિયાન આ તમામ વસ્તુઓ મળી આવી હતી, જે હિન્દુ પક્ષના દાવાને વધુ મજબૂત બનાવે છે. એઆઈએસના સર્વેમાં પણ ઘણી વસ્તુઓ મળી હતી. મંદિર-મસ્જિદ કેસની સુનાવણી દરમિયાન કોર્ટે આ અંગે સંજ્ઞાન પણ લીધું હતું. જણાવી દઈએ કે રામ મંદિરનું નિર્માણ કાર્ય ખુબ ઝડપથી ચાલી રહ્યું છે. જાન્યુઆરી ૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેનું ઉદ્ઘાટન થવાનું છે.

# લાંબા અંતરની છ ટ્રેન રાજકોટ સુધી લંબાવવામાં આવી

**નવી દિલ્હી,**
રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ માટે સારા સમાચારા આવ્યા છે જેમાં લાંબા અંતરની ૬ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવામાં આવી છે. આ માહિતી કેન્દ્રીય રેલ્વે રાજયમંત્રીએ આપી હતી. સૌરાષ્ટ્રવાસીઓ માટે લાંબા અંતરની ૬ ટ્રેનો લંબાવાઈ છે જેમાં ટ્રેન નં. ૧૯૪૨૧/૨૨ અમદાવાદ - પટના એક્સપ્રેસ, ટ્રેન નં. ૨૨૯૬૭/૬૮ અમદાવાદ - પ્રયાગરાજ એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૯૪૧૩/૧૪ અમદાવાદ - કોલકાતા એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૧૦૪૯/૫૦ અમદાવાદ - કોલ્હાપુર એક્સપ્રેસ, ટ્રેન નં. ૨૨૧૩૭/૩૮ નાગપુર - અમદાવાદ એક્સપ્રેસ તેમજ ટ્રેન નં. ૧૨૯૧૭/૧૮ અમદાવાદ - હઝરત નિઝામુદ્દીન સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસનો સમાવેશ થાય છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના લોકોને આ લાંબા અંતરની ટ્રેનોની સુવિધા મળે તે માટે આ ટ્રેનો રાજકોટ સુધી લંબાવવામાં આવી છે. આ માહિતી કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રીએ પોતાના સોશ્યલ મીડિયા એક્સ (ટ્વિટર) પર શેર કરી હતી.

## સેન્સેક્સમાં ૨૪૬, નિફ્ટીમાં ૭૭ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

**મુંબઈ,**
ભારતીય શેર માર્કેટમાં આજે તેજીનો માહોલ જોવા મળ્યો હતો, માર્કેટમાં આજે બન્ને મોટા ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી ઉપલી લેવર કારોબાર કરી રહ્યાં હતાં, દિવસના અંતે માર્કેટમાં જોરદાર વેચવાલી અને લેવાલી જોવા મળી. કારોબારી દિવસના અંતે આજે બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૦.૩૭ ટકાના ઉછાળા સાથે ૨૪૫.૮૬ પૉઈન્ટ અપ રહ્યો અને ૬૭,૪૬૬.૯૯ના સ્તરે બંધ થયો હતો, તો વળી, એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટીમાં પણ કારોબારમાં તેજી જોવા મળી, નિફ્ટી ૦.૩૮ ટકાના વધારા સાથે ૭૬.૮૦ પૉઈન્ટના ઉછાળા સાથે ૨૦,૦૭૦.૦૦ના સ્તરે બંધ રહ્યો હતો.

**નામ બદલેલ છે**
મેં મારું નામ **દેવાંગ જીતેન્દ્રકુમાર શુક્લા** હતું, જે બદલીને **દેવાંગ જીતેન્દ્રભાઈ શુક્લા** કરેલ છે.
**સરનામું :** ઈ-૩૦૨, પ્રાથના ગ્રીન્સ એપાર્ટમેન્ટ, સરગાસણ ચોકડી પાસે, સરગાસણ, ગાંધીનગર
2912A

**નામ બદલેલ છે**
મેં મારું નામ **વ્યાસ કૃતિબહેન અનિરૂધ્ધકુમાર** હતું, જે બદલીને **વ્યાસ કૃતિબેન અનિરૂધ્ધભાઈ** કરેલ છે.
**સરનામું :** ઈ-૩૦૨, પ્રાથના ગ્રીન્સ એપાર્ટમેન્ટ, સરગાસણ ચોકડી પાસે, સરગાસણ, ગાંધીનગર
2912

**વેસ્ટર્ન ટાઇમ્સ**
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
**સર્વે અને બાંધકામ**
**હરાજી નોટીસ**
ડેપ્યુટી ચીફ એન્ડજનીયર (બાંધકામ)- I, પશ્ચિમ રેલવે, અસારવા, અમદાવાદ નીચે આપેલ વિગતો અનુસાર હરાજી આમંત્રિત કરે છે. **ટેન્ડર નં. : Dy.CE/C/I/ADI/VJF-UMN/01 કામનું નામ :** વિજાપુર-આંબલિયાસણ વચ્ચે ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટના સંબંધમાં લાગણજ-ચરાડુ-ગોઝારિયા સેક્શન વચ્ચેની સંરેખણમાં રેલવેની જમીનમાં પડી રહેલા તમામ લીડ, લિફ્ટ, ટ્રાન્સપોર્ટેશન વગેરે સાથે મૂળ અને પાંદડા વગેરેને દૂર કરવા સહિત કાપવા અને નિકાલ માટેના ઉભા ઝાડની હરાજી. **અંદાજીત પડતર :** ₹ 37,23,161/- **પૂર્ણ કરવાનો સમયગાળો :** 30 દિવસ. **જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** ₹ 3,72,320/- **રજીસ્ટ્રેશન ફી :** જેઓ હરાજીમાં ભાગ લેવા માંગે છે તેમના માટે નોંધણી ફી ₹ 10,000/- ડેપ્યુ. એફએ અને સીએઓ (સી) પશ્ચિમ રેલવે, અમદાવાદની તરફેણમાં DD/FDR ના રૂપમાં લાગુ પડે છે, **બિડીંગની તારીખ અને સ્થળ :** એસએસ ઓફિસ આંબલીયાસણઃ 20.09.2023ના 10.00 કલાક થી 20.09.2023ના 13.00 કલાક સુધી. વિગતવાર સૂચના, ઈએમડી, પાત્રતા માપદંડો, વિગતવાર ટેન્ડર શરતો અંગે કૃપા કરીને ડેપ્યુટી ચીફ એન્જિનીયર (બાંધકામ)I, પશ્ચિમ રેલવે, અસારવા, અમદાવાદ નો સંપર્ક કરી શકશો. **માત્ર મેન્યુઅલ ઑફર્સ જ ધ્યાનમાં લેવામાં આવશે.** 040
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
**સર્વે અને બાંધકામ**
**હરાજી નોટીસ**
ડેપ્યુટી ચીફ એન્ડજનીયર (બાંધકામ)- I, પશ્ચિમ રેલવે, અસારવા, અમદાવાદ નીચે આપેલ વિગતો અનુસાર હરાજી આમંત્રિત કરે છે. **ટેન્ડર નં. : Dy.CE/C/I/ADI/AJM-VJF/01 કામનું નામ :** આદરજમોતી-લોદરા વચ્ચે ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટના સંબંધમાં આદરજમોતી-વીજાપુર સેક્શન વચ્ચેની સંરેખણમાં રેલવેની જમીનમાં પડી રહેલા તમામ લીડ, લિફ્ટ, ટ્રાન્સપોર્ટેશન વગેરે સાથે મૂળ અને પાંદડા વગેરેને દૂર કરવા સહિત કાપવા અને નિકાલ માટેના ઉભા ઝાડની હરાજી. **અંદાજીત પડતર :** ₹ 10,43,473/- **પૂર્ણ કરવાનો સમયગાળો :** 30 દિવસ. **જમા કરાવવાની અર્નેસ્ટ મનીઃ** ₹ 1,04,350/- **રજીસ્ટ્રેશન ફી :** જેઓ હરાજીમાં ભાગ લેવા માંગે છે તેમના માટે નોંધણી ફી ₹ 10,000/- ડેપ્યુ. એફએ અને સીએઓ (સી) પશ્ચિમ રેલવે, અમદાવાદની તરફેણમાં DD/FDR ના રૂપમાં લાગુ પડે છે, **બિડીંગની તારીખ અને સ્થળ :** એસએસ ઓફિસ આંબલીયાસણઃ 20.09.2023ના 10.00 કલાક થી 20.09.2023ના 13.00 કલાક સુધી. વિગતવાર સૂચના, ઈએમડી, પાત્રતા માપદંડો, વિગતવાર ટેન્ડર શરતો અંગે કૃપા કરીને ડેપ્યુટી ચીફ એન્જિનીયર (બાંધકામ)I, પશ્ચિમ રેલવે, અસારવા, અમદાવાદ નો સંપર્ક કરી શકશો. **માત્ર મેન્યુઅલ ઑફર્સ જ ધ્યાનમાં લેવામાં આવશે.** 041
અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**બાહેતી રિસાયક્લીંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
**(અગાઉ બાહેતી મેટલ એન્ડ ફેરો એલોય લિ.)**
CIN: U37100GJ1994PLC024001
**રજી. ઓફિસઃ** એ-૨-૩, એલ.આર.એપાર્ટમેન્ટ, પોલીસ કમિશ્નર ઓફિસની સામે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪, ગુજરાત, ફોન નં.-+૯૧-૭૯૨૫૬૨ ૭૬૮૧-૮૨, info@bahetiindustries.com, www.bahetiindustries.com
**૨૯મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના**
આથી સૂચના આપવામાં આવે છે કે બાહેતી રિસાયક્લિંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સભ્યોની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા (AGM) શુક્રવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૦૪:૦૦ વાગ્યે હોટેલ હયાત, વસ્ત્રાપુર તળાવ સામે, આલ્ફા વન મોલની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદ – ૩૮૦૦૧૫ યોજાશે. ગુજરાત કંપની અધિનિયમ, ૨૦૧૩ (અધિનિયમ) અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (લિસ્ટિંગ રેગ્યુલેશન્સ)ની લાગુ જોગવાઈઓ અનુસાર એજીએમ બોલાવતી નોટિસમાં નિર્ધારિત વ્યવસાયોના વ્યવહાર માટે.
સેબીના સંદર્ભમાં, ૦૫ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજના તેમના પરિપત્ર નંબર SEBI/HO/DDHS/DDHS-RACPOD1/P/CIR/2023/001 દ્વારા (સેબી પરિપત્ર)એ તેની ભૌતિક નકલો મોકલવાના સંદર્ભમાં છૂટછાટ આપી છે. સભ્યોને વાર્ષિક અહેવાલ, તદનુસાર, ૨૯મી એજીએમની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે કંપનીનો વાર્ષિક અહેવાલ, તે સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવ્યો છે જેમણે ડિપોઝિટરીઝમાં અથવા કંપની સાથે તેમના ઈ-મેલ આઈડીની નોંધણી કરાવી છે. વાર્ષિક અહેવાલ ૨૦૨૨-૨૩ સાથે ૨૯મી એજીએમની સૂચના કંપનીની વેબસાઈટ www.bahetiindustries.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે અને AGMની સૂચના સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ(ઈન્ડિયા) લિમિટેડ (CDSL)ની www.evotingindia.com વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
અધિનિયમની કલમ ૯૧ ની જોગવાઈઓ અને તેના હેઠળ ઘડવામાં આવેલ લાગુ નિયમો અનુસાર આથી સૂચના પણ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ કંપનીની ૨૯મી એજીએમના હેતુ માટે **ગુરુવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી શુક્રવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩** સુધી (બંને દિવસો સહિત) બંધ રહેશે.
અધિનિયમની કલમ ૧૦૮ અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ ની જોગવાઈઓ અને લિસ્ટિંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૪૪ મુજબ, સભ્યોને સેટ મુજબ તમામ ઠરાવો પર તેમનો મત આપવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સીડીએસએલ દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ (ઈ-વોટિંગ)નો ઉપયોગ કરીને એજીએમ બોલાવવાની સૂચનામાં આગળ. સભ્યોના મતદાન અધિકારો (કટ-ઓફ તારીખ) શુક્રવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ કંપનીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં તેમના દ્વારા રાખવામાં આવેલા ઈક્વિટી શેરના પ્રમાણમાં હશે.
ઈલેક્ટ્રોનિક વોટિંગ દ્વારા મત આપવા માટેની લાયકાત નક્કી કરવાની કટ-ઓફ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩ છે. રિમોટ ઈ-વોટિંગ સમયગાળો મંગળવાર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૦૯.૦૦ વાગ્યે શરૂ થશે અને ગુરુવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યે સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ ત્યાર બાદ CDSL દ્વારા નિષ્ક્રિય કરવામાં આવશે. દૂરસ્થ ઈ-વોટિંગ સુવિધાને ઉલ્લેખિત તારીખ અને સમય પછી મંજૂરી આપવામાં આવશે નહીં. જે સભ્યો એજીએમમાં હાજર રહેશે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર તેમનો મત આપ્યો ન હતો અને અન્યથા તેમને આમ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા નથી, તેઓ એજીએમ દરમિયાન બેલેટ પેપર દ્વારા મત આપવા માટે પાત્ર હશે.
સભ્યો રિમોટ ઈ-વોટીંગ દ્વારા તેમના મત આપવાના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ મીટીંગમાં ભાગ લઈ શકે છે પરંતુ મીટીંગ દરમિયાન ફરીથી મતદાન કરવા માટે હકદાર રહેશે નહીં. રિમોટ ઈ-વોટિંગ સુવિધા માટેની વિગતવાર સૂચના એજીએમની સૂચનાનો ભાગ છે.
કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેર મેળવે છે અને કંપની દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખે શેર ધરાવે છે; વાર્ષિક સામાન્ય સભા (AGM)ની સૂચનામાં દર્શાવેલ સૂચના મુજબ લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો તે/તેણી ઈ-વોટિંગ માટે CDSL સાથે પહેલેથી જ નોંધાયેલ હોય, તો તે/તેણી તેનો/તેણીનો ઉપયોગ કરી વોટ આપવા માટે વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડ શકે છે.
કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે https://www.evotingindia.com/Help.jspના સહાય વિભાગો પર ઉપલબ્ધ સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને સભ્યો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો અથવા CDSL નો નીચેનો ટોલ-ફ્રી નંબરઃ ૧૮૦૦૨૨૫૫૩૩ પર સંપર્ક કરી શકો છો.
**બાહેતી રિસાયક્લીંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**, વતી
સહિ/-
**યશ શંકરભાઈ શાહ**
(જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર)
તારીખઃ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૩
સ્થળ : અમદાવાદ

**જાહેર નોટીસ**
જત ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧ (સીટી)ના શહેર અમદાવાદમાં આકાશેઠકુવાવાળીની પોળ સુથારના ડહેલામાં રાયપુર વિસ્તારમાં આવેલ ખાડીયા વોર્ડ નં-૨ના સીટી સર્વે નં.૧૫૮૫ વાળી ૧૦૦.૩૩.૫૬ સ.ચો.મી.ની મિલકત પૈકી પહેલા માળની ૪૫.૧૩.૭૮ ચો.મી.વાળી મિલકત અગાઉ **મુલચંદ ઉમેદરામ ગજ્જર** કુલ સ્વતંત્ર માલીકી હક્કથી ધારણ કરતા હતા અને તેઓએ તેમની હયાતીમા તા.૨૭.૧૦.૧૯૫૨ના રોજ એક વીલ યાની વસીયતનામું કરેલ જે વીલ યાને વસીયતનામું તે જ તારીખે અમદાવાદ મહેરબાન સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં **અનુક્રમ નં.૩૮૩૪**થી રજીસ્ટર્ડ કરવામાં આવેલુ અને ત્યારબાદ તેઓનું અવસાન થવાથી તેમના વીલમાં જણાવ્યા મુજબ તેમજ ભાઈઓ ભાગતી વહેંચણીના આધારે સદર મિલકત કાતીલાલ મુળચંદના કબજા ભોગવટામાં કુલ સ્વતંત્ર માલીકી હક્કથી આવેલી અને તે બાબતની નોંધ સીટી સર્વેના રેકોર્ડમાં તા.૨૦.૮.૧૯૫૫ના રોજ કરવામાં આવેલી. ત્યારબાદ મજકુર કાતીલાલ મુળચંદે બક્ષિસપત્રના દસ્તાવેજથી સદર મિલકત કૌશીકભાઈ ગજ્જરને આપેલી જે અમદાવાદ મહેરબાન સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં તા.૧૦.૧૧.૧૯૮૨ **અનુક્રમ નં.૧૬૨૫૭** થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ ત્યારબાદ સદર મિલકત **કૌશીકભાઈ વાસુદેવ ગજ્જર** નાઓ પાસેથી પ્રવિણાબેન અરવિંદભાઈ સાગર નાઓને વેચાણનો પુરેપુરો અવેજ ચુકવી આપી વેચાણથી રાખેલ અને જે અંગે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમદાવાદના સબ રજીસ્ટ્રાશ્રી અમદાવાદ-૧ (સીટી) સમક્ષ રજી.દસ્તાવેજ નં.૩૦૬૩થી તા.૧૯.૯.૧૯૯૯ના રોજ નોંધાયેલ આમ ત્યારથી સદરહુ મિલકતના પ્રવિણાબેન અરવિંદભાઈ સાગર નાઓ માલીક બનેલા અને ધાબાવાળી મિલકત અંગેનો વેચાણકરાર તથા જનરલ પાવર ઓફ એટર્નીથી તા.૨૧.૮.૨૦૦૩ના રોજ સીરીયલ નં.૧૯૦૬ તથા ૧૯૦૭થી હેમલતા પી. બારોટના ચોપડે નોંધવામાં આવેલ ત્યારબાદ સદરહુ મિલકત સી.સ નં.૧૫૮૫ પહેલા માળ ઉપર પ્રવિણાબેન અરવિંદભાઈ સાગર નાઓ દ્વારા ધાબા ઉપર એક રૂમનું બાંધકામ કરેલ કે અને ત્યારબાદ પ્રવિણાબેન અરવિંદભાઈ સાગર પહેલા માળ અને ધાબાવાળી મિલકત ઉપર એક રૂમનું બાંધકામ કરેલ મિલકતના માલીક બનેલા. અને ત્યારબાદ પ્રવિણાબેન અરવિંદભાઈ સાગરનું તા.૨૫.૧૧.૨૦૨૨ના રોજ અવસાન થયેલ તેમજ તેમના પુત્ર મયુરભાઈ અરવિંદભાઈ સાગરનું તા.૮.૦૭.૨૦૨૨ના રોજ અવસાન થયેલ. પ્રવિણાબેન અરવિંદભાઈ સાગર જેઓના વારસદારોમાં અમો લખી (વેચાણ) આપનાર હોઈ એટલે કે અમારા અસીલને સદરહુ મિલકત યાને કે પ્રથમ માળ તથા ધાબાવાળી મિલકત ઉપર એક રૂમનું બાંધકામ કરેલ તે મિલકત કે જે અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોઈ સદરહુ મિલકત અમો લખી આપનારાઓના સીધી લીટીના વારસદારો હોઈ વારસાઈ હક્કથી માલીકી કબજા ભોગવટામાં સ્વતંત્ર માલિક આવેલ છે. જે અંગેની સીટી સર્વે રેકર્ડમાં તા.૧૨.૧૨.૨૦૨૨ના રોજ ફોટા સહિતના વારસાઈ અંગેના પેઢીનામા આધારે તા.૨૧.૧૨.૨૦૨૨ના રોજ નોંધ નં.૪૨૭૯થી નોંધ કરાવેલ જેમાં અમારા (૧) ચાંદની અરવિંદભાઈ સાગર (૨) અરવિંદભાઈ સાગર વારસાઈથી જે નોંધ તા.૧૩.૨.૨૦૨૩ના રોજ નોંધ પ્રમાણીત થયેલ છે. જે સદરહુ મિલકત અમો લખીઆપનારાઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ મિલકત અંગે જે કોઈને વાંધો કે તકરાર હોય કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો તથા વારસાઈ હક્ક હોય તો અમો ને દિન-૫માં લેખીત પુરાવા સહિત રજી.એડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહિં આવે તો સદર મિલકતમાં કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે સદર મિલકતનું વેચાણ કરી દઈશુ અને પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહિ.
**હેતલ પી.પંડ્યા એડવોકેટ**
સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ
એડવોકેટ રૂમ નં.૧૦૮, ૧૧૩ ભદ્ર,
અમદાવાદ-૩૮૦૦૦૧ મો.નં.૯૮૯૮૦૦૭૬૬૬૮
**સ્થળ** : અમદાવાદ
**તારીખ** : ૧૪-૦૯-૨૦૨૩

Franklin Templeton Mutual Fund
Cordially invites you for a program under it's Investor Education and Awareness Initiative.
Venue :
The Fern Akota,
B/H Dinesh Mill, Akota, Vadodara
Date: 16th September, 2023
Time: 4.00 p.m.
Contact Person: Kunal Nikam (9898073104)
Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.
All Covid protocols will be followed.
We look forward to your participation.
FRANKLIN TEMPLETON
Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West), Mumbai - 400013
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.